UGVCL
Uttar Gujarat Vij Company Ltd.
CIN – U40102GJ2003SGC042906

વિદ્યુત સહાયક (જુનિયર આસિસ્ટન્ટ) પરીક્ષા જોગ તા. ૧૨/૧૦/૨૦૧૮.

વિદ્યુત સહાયક (જુનિયર આસિસ્ટન્ટ) ની ભરતી પ્રક્રિયા અંતર્ગત ૮૪૪૫૬ ઉમેદવારો ની અરજીઓ આવેલ, જે સંદર્ભે ઓનલાઈન પરીક્ષા નું આયોજન આગામી તારીખ ૧૩-૧૪-૧૫ ઓક્ટોબર, ૨૦૧૮ ના રોજ ગુજરાત રાજ્ય માં વિવિધ સેન્ટરો ખાતે કરવામાં આવેલ છે. સદર સેન્ટરો ની ફાળવણી બાબતે જણાવવાનું કે મહત્તમ (૯૯%) ઉમેદવારો ને તેમની અરજી માં દર્શાવેલ સરનામા મુજબ પરીક્ષા માટે ના સેન્ટરો કોમ્પ્યુટર લેબ (ઓન-લાઈન સુવિધા) ધરાવતી શૈક્ષણિક સંસ્થાઓ ખાતે ફાળવવામાં આવેલ છે. પરંતુ અરજદારો ની મોટી સંખ્યા ને ધ્યાને લેતા જે તે સ્થાનિક સેન્ટરો ખાતે તમામ ઉમેદવારો ને ઓનલાઈન પરીક્ષા ની સગવડ ના અનુસંધાને સમાવવા શક્ય ના હોઇ કેટલાક ઉમેદવારો ને ગુજરાત રાજ્ય અંતર્ગત ગુજરાત ની વીજ વિતરણ કંપની ના વિસ્તાર માં આવતા અન્ય શહેરો માં ફાળવણી કરવામાં આવેલ છે. તો સદર બાબત ને ધ્યાને લઈ તમામ ઉમેદવારો ને શાંતિપૂર્ણ રીતે તેમને ફાળવવા માં આવેલા પરીક્ષા કેન્દ્ર ખાતે પરીક્ષા આપવા નમ્ર અપીલ કરવામાં આવે છે.

વધુ માં ઓનલાઈન પરીક્ષા તથા રિઝલ્ટ બાબત ની તબક્કાવાર વિગત નીચે મુજબ છે.:

૧. **ઓનલાઈન પરીક્ષા** : તા. ૧૩-૧૪-૧૫ /૧૦/૨૦૧૮

૨. **આનસર કી** : તા. ૧૭-૧૦-૨૦૧૮ બાદ યુ.જી.વી.સી.એલ. ની વેબસાઇટ પર જોઈ શકાશે.

૩. **ઓબ્જેક્સન** ટ્રેકર : તા. ૨૨-૧૦-૨૦૧૮ થી તા. ૨૫-૧૦-૨૦૧૮; જેની લિન્ક યુ.જી.વી.સી.એલ. વેબ સાઇટ પર પ્રસિદ્ધ કરવામાં આવશે.

૪. **ઓબ્જેક્સન ટ્રેકર ફી** : પ્રતિ ઓબ્જેક્સન (એમ.સી. ક્યુ. માં પૂછવામાં આવેલ પ્રશ્ન કે તેના જવાબ અંગે વાંધો/ચોખવટ) માટે ઉમેદવારે નિયત કરેલ ફી ભરવાની રહેશે, જો આપનો ઓબ્જેક્સન (વાંધો) સાચો હશે તો સદર ફી પરત કરવામાં આવશે.

૫. **ફાઇનલ રિઝલ્ટ** : તા. ૦૫-૧૧-૨૦૧૮ બાદ યુ.જી.વી.સી.એલ. ની વેબસાઇટ પર જોઈ શકાશે.

ઉપરોક્ત વિગત ધ્યાને લઈ દરેક ઉમેદવાર ને પરીક્ષા માં ઉત્સાહ પૂર્વક ભાગ લેવા તથા તેમના ઉજ્જવળ ભવિષ્ય અંગે શુભ કામના પાઠવવા માં આવે છે.

**વિશેષ મહાપ્રબંધક (મા.સં.)**



**Regd. & Corporate Office:** Visnagar Road, MEHSANA – 384 001 (North Gujarat)
Telephone: (02762) 222080-81 Fax: (02762) 223574
Website: www.ugvcl.com e-mail: corporate@ugvcl.com
D:\HN Bhavsar/Shruti/Guj.L.